R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 17 •ISSUE: 36 DATE: 07-09-2013 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અમેરિકાના ડેટ્રોઇટ શહેરે આર્થિક કટોકટી ઉભી થવાથી વ્યવસ્થા તંત્રે નાદારી જાહેર કરી



અમેરીકાના ડેટ્રોઈટ શહેર જે મોટુ શહેર ગણાય છે ત્યાંની શહેર વ્યવસ્થા એટલી બધી ખોરવાઈ ગઈ અને ત્યાંનું વ્યવસ્થાતંત્ર આ બધાને યોગ્ય ન્યાય આપી શકે તેમ હોવાથી, તેમજ નાણાંકીય અછતને કારણે નાદારી નોધાવવી પડી છે.શહેરની આવક એટલી બધી નથી કે તેના ખર્ચાને પહોચી વળી શકે.મીશીગન ગર્વનરના જણાવ્યા પ્રમાણે પરિસ્થિતિ ખુબજ ગંભીર બની ગઈ છે.તેથી અમારે નાદારી નોધાવવી પડી છે.મેયર દેવ બીગે જણાવ્યું હતું કે પબ્લીક સર્વીસ ચાલુ રહેશે તેમજ પબ્લીક સર્વન્ટને તેમના વેતનો ચુકવવામાં આવશે.બીબીસી ન્યુઝે નોધ્યું હતું કે આ સેવાઓ ભાંગી પડી છે.અને ૭૦ હજાર જેટલી મિલ્કતો નધણીયાત હાલતમાં પડી છે.અમો આ ગંભીર પરિસ્થિતિમાં જવા માંગતા નહોતા પરંતુ અમો તેમાંથી યોગ્ય અને સારો રસ્તો શોધી શક્યા નથી.

## ભારતમાં ધાર્મિક સ્વાતંત્રતા માટેની પીટીશન ફાઇલ કરાશે

રીલીઝ ઈન્ટરનેશનલે વિનંતી કરતાં જણાવ્યું હતું કે ભારતમાં ધાર્મિક સ્વાતંત્રતા માટે એક પીટીશન ફાઈલ કરવા માટે સહીઓ કરવી જરુરી છે.કારણકે ધાર્મિક સ્વાતંત્રતાને ખોરવતા ધર્માંતરણ અંગેના કાયદાઓ કેટલાક રાજ્યોમાં અસ્તિત્વમાં આવ્યા છે.મધ્ય પ્રદેશ તાજેતરમાં કાયદો પસાર કર્યો છે તે મુજબ કોઈ પણ વ્યક્તિએ પોતાનું ધર્મ પરિવર્તન કરતાં પહેલા સ્થાનિક સત્તાવાળાઓની રજામંદી લેવી જરુરી બનાવી છે.જો ધર્મપરિવર્તન કરનાર સત્તાવાળાઓને આ બાબતે જાણ કરવામાં કસુર કરશે તો ત્રણ વર્ષની જેલની સજા કરવામાં આવશે.અને એક વધારાનું વર્ષ જો તે સગીર ,મહિલા,અથવા તો દલિત હોય તો જેલવાસ ભોગવવો પડશે.આ પ્રકારના કાયદા સાત રાજ્યોમાં અસ્તિત્વમાં આવ્યા છે.જે હિંદુ કટ્ટરવાદીઓના દબાણને કારણે લાગુ થયા છે.તેમનું માનવું છે કે દરેક ભારતીય હિંદુ હોવો જોઈએ.તેવું રીલીઝના રીપોર્ટમાં જણાવાયું હતું.

રીલીઝના ભાગીદાર તરીકે ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે આ બાબતે કાયદાકીય લડત આપવાનું નક્કી કર્યું છે.તેઓ ધર્માંતરણના કાયદાને પડકારશે.રીલીઝ ઈન્ટરનેશનલે દેશમાં હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા ધાર્મિક વાતાવરણને બગાડવાનું જે વ્યવસ્થિત કાવતરુ ચાલી રહ્યું છે તે બાબતે ઉડો ખેદ વ્યક્ત કર્યો છે.રીલીઝના ચીફ એક્ઝીક્યુટીવ પોલ રોબિન્સન જણાવે છે કે અમો નવેમ્બર માસમાં આ બાબતને લગતી એક પીટીશન તૈયાર કરવા માંગીએ છીએ અને તેમાં અમે ભારતમાં ધાર્મિક સ્વાતંત્રતા, જે બંધારણમાં અપાયેલ અધિકાર છે તેને તોડી મરોડીને કેટલાંક કટ્ટરવાદી તત્વો જે કાર્ય કરી રહ્યા છે તેને પડકાર આપવાનો છે.ભારતીય બંધારણમાં આર્ટીકલ ૨૫ મુજબ દરેક વ્યક્તિને ધાર્મિક સ્વાતંત્ર બક્ષવામાં આવ્યું છે.પરંતુ તેનાથી વિપરિત ઘટનાઓ બની રહી છે. ખ્રિસ્તી પાસ્ટરો અને ઈવેન્જલીકલીસ્ટોને વારંવાર કેટલાક હિંદુ કટ્ટરવાદી તત્વો દ્વારા હિંસક હુમલાનો ભોગ બનાવાય છે.તેમજ પોલીસ પણ તેમના સાથીદાર બનીને તેમની ધરપકડ કરે છે.અને ધર્મપરિવર્તન કરાવતા હોવાના ખોટા કેસો કરે છે.આવી ઘટનાઓ કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં બની રહી છે.આ પીટીશન મારફતે ભારત સરકારને આવી ઘટનાઓ રોકવા અને ધાર્મિક સ્વાતંત્રતા જેવા બંધારણીય અધિકારો પર તરાપ મારનારાઓ સામે ન્યાય અપાવવા માટે જણાવાશે.આ ઉપરાંત ખ્રિસ્તીઓના બંધારણીય અધિકારોનું તેમની આસ્થાનું રક્ષણ કરવા માટે કટિબધ્ધ બનવા દબાણ કરાશે.ખોટા કેસો,ધરપકડો અને જેલવાસમાંથી પણ મુક્ત કરાવવા સાચી માર્ગદર્શિકાઓ પોલીસ મેન્યુઅલમાં તાત્કાલિક ઉમેરશે.શ્રી રોબિન્સને લોકોને જણાવ્યું હતું કે તમે આ પીટીશનમાં ઓનલાઈન જઈને સહી કરી શકો છો.અમો ભારતને બતાવવા માંગીએ છીએ કે દુનિયાભરમાં વસતા ખ્રિસ્તીઓ આ બધી બાબતો જોઈ રહ્યા છે અને અમો તેની માવજત કરવા આતુર છીએ. તેવું તેમણે જણાવ્યું હતું.



ધ કમિશ્નર ઓફ મેટ્રોપોલીટીન પોલીસે જણાવ્યું હતું કે તેમણે તેમના અધિકારીઓને હુકમ આપ્યો છે કે હોમોસેક્સ્યુયાલીટી એક પાપ છે તેવું શહેરની સ્ટ્રીટોમાં પ્રવચન આપતા લોકોની ધરપકડ કરવી નહી.જો કે હમણાં જ બ્રિટનની સંસદે સજાતીય લગ્નોને કાયદેસર બનાવ્યા છે.ક્રિશ્ચિયન લીગલ સેન્ટર તરફથી જણાવાયું હતું કે ટોની મીયાનો ની વિમપ્ડન ખાતે પોલીસે હોમોસેક્સ વિરુધ્ધ કહેતા તેમની ધરપકડ કરવામાં આવી હતી.જેથી મીયાનો યુ.એસ.ના નાગરિક છે અને તેઓ સજાતીય સેક્સ બાબતે બાયબલ માં ૧ થેસાલોનીકા ૪, ૧થી ૨ માં તે સમયે શું જણાવાયું હતું તે બાબતે સ્પષ્ટતા કરી રહ્યા હતા.તેઓની ધરપકડ સેક્શન ૫,પબ્લીક ઓર્ડર એકટ ૧૯૮૬ મુજબ કરવામાં આવી હતી.તેઓને પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા તેમની ઉલટ તપાસ કરવામાં આવી અને તેમના આંગળાની છાપો લેવામાં આવી હતી.સાત કલાક બાદ તેમનો છુટકારો થવા પામ્યો હતો.તેમજ તેમની સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નહોતા.સીએલસીના જણાવ્યા પ્રમાણે કેટલાક પોલીસ અધિકારીઓ તેમની સત્તાનો દુરપયોગ કરી રહ્યા છે.ખ્રિસ્તીઓ માને છે કે હોમોસેકસ્યુઆલીટી એક પાપ છે અને તેઓ શાંતિથી તેનો પ્રચાર કરી રહ્યા છે ત્યારે તેમની ધરપકડ કરવામાં આવે છે જે ગે મેરેજ કરતાં પણ વધુ ગંભીર બાબત છે.

પોલીસ ચીફને સીએલસી દ્વારા લખાયેલ એક પત્રમાં જણાવાયું હતું કે આ બાબતે તમારા પોલીસ ઓફીસરોને સાચું માર્ગદર્શન આપવામાં આવે જેથી તેઓ કાયદાનો દુરપયોગ ના કરે.કાયદાના દુરપયોગની સાથે સાથે તેઓ ખ્રિસ્તી વ્યક્તિઓ અને તેમની ધાર્મિક માન્યતાને પણ દુઃખ પહોચાડે છે.

એન્ડ્રા મીનીચીઈલો વિલિયમ, સીએલસી, ચીફ એક્ઝીક્યુટીવે કહ્યું હતું કે અમનો આ બાબતે ચોખ્ખી ગાઈડ લાઈન જોઈએ છીએ. જે મેટ્રોપોલીટીન કમિશ્નરે આપવી જોઈએ.ખ્રિસ્તીઓ હોમોસેક્સયુઆલીટી બાયબલને આધારે પાપ ગણાવાયું છે અને તેને તેઓ જાહેરમાં સ્વતંત્ર રીતે પ્રવચન કરી શકે છે.પોલીસ ઓફીસરોને આ બાબતે કોઈ ફરિયાદ મળે તો તેથી કોઈ ઈવેન્જલીસ્ટ બાયબલને આધારે વિચારો જણાવતા હોય તો તેમની ધરપકડ કાયદેસર બનતી નથી. વાણી સ્વાતંત્રનો અધિકારને ધમકી આપી શકાય નહી.આપણે તે અધિકારનું રક્ષણ કરવા બંધાયેલા છે.અમો ઈચ્છીએ છીએ કે આ બાબતે કમિશ્નર નેતાગીરી લેશે અને તેમના અધિકારીઓને શિસ્ત જાળવવા માટે સમજાવશે.તેમજ મીયાનોની ખોટી રીતે ધરપકડ કરનાર અધિકારીઓ સામે શિસ્તબંધના પગલાં લેવા જોઈએ.

ઈવેન્જલીકલીસ્ટ ટોની મીયાનો એ હોમોસેક્સયુઆલીટી એક પાપ છે.તેમે જાણો છો કે યુનાઈટેડ કિંગ્ડમના તમામ ચર્ચોએ આ બાબતે તેમની પોઝીશન ક્લીયર કરી દીધી છે.બાયબલમાંથી કોઈ બાબતને ટાંકવી તે ગુનો બનતો નથી.પોલીસે મી.મીયાનો ને તેમની આસ્થા અને વિશ્વાસ બાબતે પણ પ્રશ્નો પુછ્યા હતા તે પણ યોગ્ય નથી.જે આર્ટીકલ ૮ યુરોપીયન કન્વેશન મુજબ ગેરકાયદેસર છે તેનો પોલીસ અધિકારીએ ભંગ કર્યો છે.પ્રવચનથી ઉત્સાહીત થયેલ કોઈપણ વ્યક્તિએ ત્યાં સજાતીય સેક્સ બાબતનો જાહેરમાં ભંગ કર્યો હોય તો તે બાબતે ગુનો નોંધી શકાય તેમજ ધરપકડ કરી શકાય.પરંતુ તેવું બન્યું નથી તેથી પ્રવચનકર્તાની ધરપકડ યોગ્ય નથી.પોલીસ ઓફીસરે બાયબલના સંદેશા આપનાર પ્રવચનકારની ધરપકડ આ કેસમાં કરી છે જે યોગ્ય નથી અને તેની સામે કાર્યવાહી કરવી જોઈએ.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

આખરે જેલમાં પુરાયેલા પોલીસ અધિકારીઓ પૈકીના મુખ્ય ગણાતા પોલીસ અધિકારી વણઝારાએ જે કેફીયત રજુ કરી તેમાં મુખ્યમંત્રી અને તેમના સહયોગી માજી ગૃહમંત્રી અમિત શાહ ઉપર જે દોષારોપણ કરવામાં આવ્યા છે તે એવી બાબત રજુ કરે છે કે વિકાસના નામે આ પરિબળોએ ગુજરાતમાં જે કાંઇ બન્યુ છે તેના મુખ્ય પરિબળો છે.ગોધરાકાંડમાં પણ સરકારની સામેલગીરી બતાવે છે.તેથી નરેન્દ્ર મોદીને આવનારા દિવસોમાં કપરા ચઢાણ ચઢવા પડશે.સૌ પ્રથમ તો પક્ષમાં તેમના વિરુધ્ધ જે લોકો હતા અને જેમનો અવાજ દબાવી દેવામાં આવ્યો હતો તેવા આ કફીયતને વજુદ ગણીને તેમના પર પ્રહાર કરશે.જેથી દિલ્હીની ગાદી સર કરવાના હાલના તેમના મુખ્ય મનોરથ ઉપર પાણી ફરી બેસસે એવા શંકા નથી. જો કે હંમેશા ભાજપ તેમની સામે ઉભા થયેલા આરોપોને સાચા હોવા છતાં બેબુનિયાદ સાબિત કરવામાં માહિર છે.તેથી આ પરિસ્થિતિનો પણ લાભ લેવા પ્રયત્ન કરશે. ચુંટણી અભિયાન તેમજ મોદીની વ્યક્તિ વિશેષ તરીકેની છાપ ઉભી કરવા માટે મીડીયાને ભરપુર નાણાં આપવામાં આવ્યા હશે તેવું હાલમાં મીડીયા દ્વારા ખાસ પ્રચાર ઝુંબેશ પરથી લાગે છે.અમિત શાહને યુ.પીના મુખ્ય કાર્યકર્તા તરીકે મુકવામાં આવ્યા છે જેથી મસલ્સ પાવર ઉપર તેઓ કાબુ મેળવી શકે અને મસલ્સ અને મની પાવર સાથે યુપીમાં ચુંટણીમાં સારા પરિણામ મેળવી શકાય તેવી ગણતરીઓ હોઇ શકે તેવુ કેટલાક લોકોનું માનવું છે.પરંતુ હવે પરિસ્થિતિ બદલાય પણ શકે છે.ચુંટણીઓ આવતાં પહેલા અનેક કંકાલો બહાર આવશે તેથી કેટલાક વરતારાઓ ખોટા પડી શકે તેમ છે.

## મંતવ્ય

### ટપક સિંચાઇ પધ્ધતિ દ્વારા પાણીની ૭૦ ટકા બચત અને પાકમાં ૪૦ ટકાનો વધારો

ધનસુરા તાલુકાના દોલપુર કેયા ગામના યુવા ખેડુતોએ ટપક સિંચાઇ પધ્ધતિ દ્વારા પાણીની ૭૦ ટકા બચત અને પાકમાં ૪૦ ટકાનો વધારો કરી બતાવ્યો છે. કુલ ૪૦ ખેડુતો સાથે મળીને ૨૦૦૦ હેકટર વિસ્તારમાં સામુહિક ખેતી કરે છે.અને ત્રણથી પાંચ ગણો પાક ઉતારે છે.આમ કરવાથી વધુ જમીનને સિંચાઇનો લાભ મળી શકે તથા ઉત્પાદન વધતાં ખેડુતો વધુ આવક મેળવી શકશે.જેથી શક્ય હોય તેઓએ આ પધ્ધતિ અપનાવવી જોઇએ.

જયાનંદ એ ગોહિલ, નડીયાદ.૨

આજના યુગમાં વિકાસની સાથે સાથે પ્રદુષણમાં પણ વધારો થતો જોવા મળે છે. પ્રદુષણ દરેક જગ્યાએ જોવા મળતું હોય છે.ભારત દેશમાં પ્રદુષણનો પ્રશ્ન ખુબજ ગંભીર બની ગયો છે.પ્રદુષણ વધારે ફેલાવાથી માનવીઓને જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે.પ્રદુષણનું વધારે પડતું પ્રમાણ શહેરી વિસ્તારમાં હોય છે.પ્રદુષણ વાહનવ્યવહારના ધુમાડાથી અવાજથી,મિલોના ધુમાડા અને કેમીકલ યુકત્ પાણી છોડવાથી અને તેમાના ઝેરી તત્વો દ્વારા ફેલાતા પ્રદુષણ એક ગંભીર સમસ્યા છે.દુષિત પાણીને કારણે અનેક લોકો રોગોના ભોગ બને છે.આ માટે લોકજાગૃતી અને કડક કાયદાનો અમલ જરુરી છે.

પરમાર રેખા રમેશભાઇ, વિદ્યાનગર,આણંદ

આજકાલ વર્ષોથી હિંદુ ધર્મમાં ચાલતા આવતા અનેક કુરિવાજો જોવા મળે છે.જેમકે બાળકીને દુધપીતી કરવી, પડદા પ્રથા,દહેજપ્રથા જેવા કુરિવાજો ચાલતા આવ્યા છે.સમાજમાં અનેક કુરિવાજોને કારણે અમુક સ્ત્રીઓને આપઘાતનો માર્ગ લેવો પડે છે.કુરિવાજો વધુ પડતા સ્ત્રીઓને જ નડે છે.કુરિવાજો દુર કરવા માટે સામાજિક જાગૃતિ અનિવાર્ય છે.આ માટેવધુને વધુ પ્રયાસ કરવા માટે લોકોએ આગળ આવવું પડશે. ખ્રિસ્તી એંજલ, અમદાવાદ.


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ઇજીપ્તમાં ખ્રિસ્તીઓ પર વધી રહેલા હુમલાઓમાં શાંતિ સ્થપાવા માટેની અપીલ કરાઇ

ઇજીપ્તના પ્રેસીડેન્ટ મોરસીની નાટ્યાત્મક હકાલપટ્ટી બાદ એકદમ ખ્રિસ્તીઓ પર વધી ગયેલા હુમલાઓ બંધ કરી શાંતિ સ્થાપવા માટે યુકેના ચેરીટી હેડે અપીલ કરી હતી.તેમજ ખ્રિસ્તીઓ પર થઇ રહેલ સતાવણીમાં તેમને ઇશ્વર મદદ કરે માટે પ્રાર્થના કરવા પણ વિનંતી કરી હતી.

નેવીલ કર્ક સ્મિથ,ચર્ચ જેઓને મદદ પહોચાડે છે તેમણે ઇજીપ્તની મુલાકાત લીધી હતી.તેમણે જણાવ્યા મુજબ મોરસી સત્તા પરથી ગબડી પડ્યા બાદ સમગ્ર ઇજીપ્ત દેશમાં ખ્રિસ્તીઓ પર હુમલા વધી ગયા છે.નેશનલ ડીરેક્ટક એસીએન યુકે મિ.કર્ક સ્મિથે કહ્યું હતું કે આ ગંભીર સમયમાં ઇજીપ્તમાં વસતા ખ્રિસ્તીઓ માટે અને ચર્ચો પર થઇ રહેલા હુમલાઓ બાબતે પ્રાર્થનાઓ કરવી જરુરી છે.ભુતકાળમાં ખ્રિસ્તીઓની હિસા કરવામાં આવી હતી.પરંતુ આ ખાસ સમયમાં ખ્રિસ્તીઓને ખાસ નિશાન બનાવાઇ રહ્યા છે.ઇજીપ્તમાં વિરોધો અને હિંસાઓ વધી ગઇ છે. તેમણે દેશભરમાંથી નવ ખ્રિસ્તીઓની હત્યાના સમાચાર આપ્યા હતા.તેમણે કહ્યું હતું કે મારા પ્રવાસમાં લ્યુક્ષર જે ડબાયા ગામની નજદીક છ ત્યાં ચાર ખ્રિસ્તીઓના ખુન કરવામાં આવ્યા હતા અને ૨૩ ખ્રિસ્તીઓના ઘર બાળી મુકવામાં આવ્યા હતા. તા.૫ જુલાઇના રોજ આ ઘટના બની હતી. આ ઉપરાંત સીનાઇ પેનીસુલા માં એક પાદરીની હત્યા કોઇ અજાણ્યા બંધુકધારીએ કરી હતી.તેમજ એક ખ્રિસ્તી સેલ્સમેનની હત્યા કરવામાં આવી હતી.તેનું પહેલા અપહરણ કરવામાં આવ્યું હતું અને તેને છોડવા માટે ૭૦ હજાર યુએસ ડોલરની માંગણી કરવામાં આવી હતી પરંતુ તેની હત્યા કરી દેવામાં આવી હતી.ડઝનથી વધુ ચર્ચો ઉપર હુમલાઓ કરવામાં આવ્યા હતા.તેવા પણ રીપોર્ટ આવ્યા છે.

મી.કર્ક સ્મિથે કહ્યું હતું કે જે ચર્ચોની જરુરીયાત છે તેમને મદદ કરવા અમે હંમેશને માટે ઉભા છીએ.ત્યાં અમારા ખ્રિસ્તી ભાઇઓ અને બહેનો જે ઓ સતાવણી ભોગવી રહ્યા છે તેમને મદદ અને તેમના માટે



પ્રાર્થના કરવા માટે અમો કાર્ય કરી રહ્યા છીએ.તેઓ તેમના પ્રવાસ દરમિયાન જેટલા ખ્રિસ્તી ભાઇઓ અને બહેનોને મળ્યા બધા તેમના ભવિષ્ય માટે ચિંતાતુર હતા.તેમણે આ ખ્રિસ્તીઓ જેઓ હજુ પણ તેમના વિશ્વાસને વળગી રહ્યા છે તેને અને તેમની ધીરજની પ્રશંશા કરી હતી.ત્યાં તેઓ એક બિશપને મળ્યા હતા અને જે પરિસ્થિતિનો તેઓ બહાદુરી પુર્વક સામનો કરી રહ્યા છે તે હિમતને બિરદાવી હતી.ખ્રિસ્તીઓ અને બીજી લઘુમતિઓ વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ઉભુ થતાં ઘણો સમય લાગશે. તેમણે કોપ્ટીક કેથોલિક બિશપ જેઆન્સ ઝકરીયા,લકઝરની વાત જણાવી હતી,તેમણે કહયુ હતું કે અમો ચર્ચના મિશનરીઓ છીએ અમો અત્યારે ભવિષ્યમાં આવનાર પરિસ્થિતિમાં અમારા લોકો માટે મજબુત પાયો નાંખી રહ્યા છીએ.પરંતુ હાલની પરિસ્થિતિમાં ખ્રિસ્તીઓની પરિસ્થિતિ નિરાશાજનક બની છે.બે લાખ ખ્રિસ્તી વિશ્વાસુઓ દેશ છોડીને હિજરત કરી ગયા છે.૨૦૧૧માં હોસની મુબારકે ઓફીસ છોડી તે સમયમાં આ હિજરત શરુ થઇ હતી.સાચા આંકડાઓ આથી પણ મોટા હોઇ શકે.મિ.કર્કસ્મિથના જણાવ્યા પ્રમાણે એક ખ્રિસ્તી ગામડુ જે લક્ષરની બહાર આવેલું છે ત્યાં ખ્રિસ્તીઓને ખુબ આનંદમાં જોયા હતા. પરંતુ તેઓ હવે પછી શું થશે તે બાબતે ચિંતિત તો હતા જ.



બ્રિટનની સંસદ જેને હાઉસ ઓફ કોમર્ન્સ કહે છે તેમાં સજાતીય લગ્નોને માન્યતા આપવાની બાબતે હાઉસમાં મતદાન થયું તે પ્રસંગની એક તસવીર


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૯૮૯૫. ૯૭૧૪૫૧૮૩૬૭

E.mail : Shalemmburo@gmail.com

# ઇજીપ્તના ભુતપુર્વ સાંસદ એમ.પી.ઇમેડ ગેડને હજુ પણ બંધારણ મુજબ નાગરિકી અધિકારો બહાલ થાય તેવી આશા



સુપ્રીમ કમિશન ઓફ ધ સોશ્યલ ડેમોક્રેટીક પાર્ટીના સભ્ય અને ઇજીપ્ત સંસદના ભુતપુર્વ સાંસદ ઇમેડ ગેડનું માનવું છે કે ઇજીપ્તમાં ક્રિશ્ચિયન કોપ્ટસને બંધારણીય અધિકારો અને ધાર્મિક સ્વાતંત્ર્તા મળશે તેમજ લોકશાહી માળખુ કાર્યવંત બનશે.

તેમનુ માનવું છે કે બંધારણમાં નાગરિકી અધિકારો લોકશાહી પ્રમાણેના હોવા જોઇએ. જેમાં સમાનતા,કોઇપણ જાતનો ભેદભાવ નહી,અને બીજા લોકશાહી રાજ્યોએ જે પ્રકારના સીવીલ રાઇટસ તેમના નાગરિકોને નાગરિકી અધિકારો તરીકે બક્ષ્યા છે તે પ્રમાણેના હોવા જોઇએ.અહીયા ધર્મના નામે કોઇપણ પક્ષને માન્યતા આપવી જોઇએ નહીં.તેમણે આ બાબતની પૃષ્ટી ક્રિશ્ચિયન ન્યુઝ મીડઇસ્ટને કરી હતી.

લોકશાહીના માળખા પર રચાયેલ બંધારણમાં એ પ્રકારની જોગવાઇ ના હોવી જોઇએ જે બીન મુસ્લીમને તેમના કાયદાનો ઉમેરો કરી શકે.કારણે દરેક ધર્મની વ્યકિતગત માન્યતાઓ હોય છે.તેથી આવા કોઇ કાયદાનો ઉમેરાની જરુર રહેતી નથી.કોઇપણ પ્રકારના ધાર્મિક કાયદાઓનો ઉમેરો વ્યક્તિગત સ્ટેટસના પ્રશ્નોમાં બંધારણમાં હોવો જોઇએ નહી.કારણકે બંધારણ કોઇપણ ધાર્મિક રાજયને માન્યતા આપતુ નથી. કારણે આ લોકશાહી રાજય બિનસાંપ્રદાયક રાજય છે.૨૦૧૨માં બનેલ બંધારણ કે જેને ઇસ્લામીક વિદ્વાનો દ્વારા ઘડવામાં આવ્યું છ તેમાં આર્ટકલ ૩માં ખ્રિસ્તીઓ અને યહુદીઓ જેઓ ઇજીપ્તના નાગરિકો છે તેમના ધાર્મિક સિધ્ધાન્તોમાં તેમના વ્યક્તિગત અને ધાર્મિક સબંધોનો ઉલ્લેખ કરીને તેમના ધાર્મિક લીડરોની ચુંટણી કરવાનો કાયદો ઘડવામાં આવ્યો છે.

આર્ટિકલ ૪ મુજબ અલ અઝર એ એક સ્વતંત્ર ઇસ્લામિક સંસ્થા છે.અને તે એકલી જ તેના વહીવટમાં માથુ મારી શકે છે. તેમજ ઇસ્લામીક ધાર્મિક પ્રસાર, પ્રચારની બાબતો,અરેબીક ભાષાની ઇજીપ્તમાં અને વિશ્વમાં લાગુ કરવા માટે,કાર્યરત હશે.સીનીયર સ્કોલર એ અલ અઝરની ઓથોરીટી ગણાશે.તે શરીયાની કોઇપણ બાબત ઉપર સલાહ સુચન કરશે. રાજ્ય સરકાર આ તમામ બાબતોને લગતા નાણાં પુરા પાડશે.શેખ અલ અઝર એ એક સ્વતંત્ર વ્યક્તિ છે. અને તેને કોઇપણ કારણો સર રુખસદ આપી શકાશે નહી.તેને કોઇપણ કાયદાનો બાધ આવશે નહી.સીનીયર સ્કોલર ઓથોરીટીના સભ્યોમાંથી તેની નિમણુંક કરવામાં આવશે.આ બધું કાયદાથી પ્રસ્થાપિત થશે.આર્ટિકલ ૨૧૯માં જણાવ્યા મુજબ ઇસ્લામીક શરિયાના સિધ્ધાંન્તો ધાર્મિક માન્યતાઓને આધારે છે.તેના મુળભુત સિધ્ધાન્તો ઇસ્લામિક ન્યાયિક ધાર્મિક બાબતોને આધારિત છે. તેનો આધાર મડહબ પર છે. જેમાં સુન્નાહ અને જામાનો સમાવેશ થાય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**


ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્વળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# નાઇજીરીયન ખ્રિસ્તી નેતાઓએ યુ.એસને બોકો હરામને આતંકવાદી ગ્રુપ જાહેર કરવા વિનંતી કરી




નાઇજીરીયન ક્રિશ્ચિયનનું પ્રતિનિધત્વ કરતી સંસ્થાએ યુનાઇટેડ સ્ટેટને બોકો હરામ,મુસ્લીમ આતંકવાદી સંસ્થાને ટેરરીસ્ટ ગ્રુપ જાહેર કરવા માટે જણાવ્યું હતું.આ માટે વોશીગ્ટન ખાતે યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં નાઇજીરીયન નેતાઓ આ વાત કહી હતી.ક્રિશ્ચિયન એસોસીએશન ઓફ નાઇજીરીયન-અમેરીકન(કેનાન) અને ધ ક્રિશ્ચીયન એસોસીયેશન ઓફ નાઇજીરીયાએ પોતાનો કેસ રજુ કરતા જણાવ્યું હતુ કે આફ્રિકામાં કાર્યરત ઇસ્લામિક જેહાદી મીલીટંટ ઓરગેનાઇઝેશન બોકો હરામને ટેરરીસ્ટ ગ્રુપ જાહેર કરો.આ સંસ્થાના પ્રતિનિધિઓએ યુ.એસ કોગ્રેસના પ્રતિનિધિઓ સમક્ષ પોતાની વાત રજુ કરી હતી.


આ સંસ્થાએ પોતાની પીટીશન બીજા તેમની સાથે અમેરીકામાં કાર્ય કરતી સંસ્થાઓ સાથે મળીને કરી હતી.ઇમેન્યએલ ઓગેબે, સ્પેશીયલ કાઉન્સેલ,જયુબીલી કેમ્પેન અને પેનલ મેમ્બરે ક્રિશ્ચિયન પોસ્ટને જણાવ્યું હતું કે તેમના પ્રયત્નોને અમેરિકા દ્વારા સપોર્ટ મળી રહ્યો છે.અમેરિકાના કેટલાક હ્યુમન રાઇટ્સ અને ધાર્મિક સંગઠનો નાઇજીરીયાનો પ્રશ્ન ને વાચા આપી રહ્યા છે.અહીયાના કેટલાક કોગ્રેસના સભ્યો નાઇજીરીયામાં પ્રવર્તતી પરિસ્થિતિથી માહિતગાર છે.તેઓ આ દિશામાં યોગ્ય કાર્યવાહી કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.

ઓગેબે કહ્યું હતું કે સીપી તેમને વિશ્વાસ છે તેઓ તેમની મદદ જારી રાખશે, આ ઉપરાંત કેટલાક મુસ્લીમ ગ્રુપો નાઇજીરીયામાં છે તેમનો તથા યુ.એસ.માં વસતા કેટલાક મુસ્લીમોનો ટેકો મેળવી આપશે.અમો હજુ સુધી અમેરિકામાં વસતા મુસ્લીમોની મદદ કે તેમનો ટેકો મળ્યો નથી.પરંતુ હવે અમે કેટલાક મુસ્લીમ સભ્યો જેઓ કોગ્રેસમાં પ્રતિનિધત્વ ધરાવે છે તેમને અમો મળ્યા હતા અને અમારી તકલીફો અને પ્રશ્નોથી તેમને માહિતગાર કર્યા હતા.અમો આ ઉપરાંત બુધ્ધિષ્ટ સભ્યોને પણ મળ્યા હતા જેઓ કોગ્રેસના સભ્યો છે.અમો માનીએ છીએ કે નાઇજીરીયામાં ખ્રિસ્તી જે પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે તેમાંથી માનવતાને ધોરણે રસ્તો કાઢવા તેઓ મંજુર થશે અને બાળકોની થતી હત્યાઓ રોકવા તેમજ ચર્ચ પરના હુમલાઓ રોકવા મદદે આવશે.

# બીલી ગ્રેહામે રોજ એક વર્ષ સુધી વાંચવાનો પ્લાન બાયબલ એપ દ્વારા રજુ કર્યો હતો.

ડો બિલી ગ્રેહામે રોજ એક વર્ષ સુધી નિયમિત રીતે વાંચવા માટે યુ વર્ઝન બાયબલ એપ ઉપર ઇશ્વરના વચનો રજુ કર્યા છે.તેઓ અનેક વર્ષોથી લખવા માટે કાર્ય કરી રહ્યા છે.આ વાચવા માટે પ્લાન રજુ કરવામાં આવ્યો છે તે તેમની પ્રખ્યાત ડીવોશન,રોજબરોજ, વાંચવા માટે સરળ,સમજવા માટે સરળ એવી રીતે ઇશ્વરના વચનો રજુ કરવામાં આવ્યા છે.

ડો બિલિ ગ્રેહામ ૭૦ વર્ષથી તેમના ઉપદેશો,લેખો માટે જાણીતા છે.અને તેઓએ વિશ્વભરમાં ઇશ્વરના વચનો અને સાક્ષી આપ્યા છે.તે સત્ય આપણે જાણીએ છીએ. તેવું કેન બ્રાઉને કહયું હતું.જે ચીફ ઓફ ધ સ્ટાફ, બીલી ગ્રેહામ ઇવેન્જલીકલ એસોસીયેશન. તેમનું ઇશ્વરના વચનો



બાબતનું શિક્ષણ પ્રશંસનીય છે.તેમજ ભરોસો કરવાને લાયક છે.તેમના દ્વારા ચલાવાતી મિનિસ્ટ્રીમાં સતત વધસ્તંભને મધ્યમાં રાખીને કાર્ય કરવામાં આવે છે.અમો માનીએ છીએ કે તેના દ્વારા અમો ઇસુ ખ્રિસ્ત સાથે સબંધમાં સ્થપાયા છીએ.

આ રીડીગ પ્લાન યુ વર્ઝન ની પાંચમી એન્વસરીના ટાણે રજુ કરવામાં આવ્યો હતો.અને તેમાં ૧૦૦ મીલીયન ડાઉનલોડ થવાનો ટારગેટ રાખવામાં આવ્યો છે.જેણે એપલ દ્વારા માન્યતા પ્રાપ્ત કરી છે.યુ વર્ઝન દ્વારા અપાયેલ રીપોર્ટમાં જણાવાયું છે કે ૯.૫ મીલીયન દૈનિક વાંચન પ્લાન છેલ્લા પાંચ વર્ષમાં પુરો થયો છે.યુ વર્ઝન બાયબલ એપ એ સૌથી વધુ જાણીતો એપ જે મળી શકે છે તે છે.ડો.ગ્રેહામના વચનો તમારા હાથમાં આવે તે એક ઉત્તમ તક છે.અમો તેથી ખાસ આ બાબતે ઉત્સાહિત છીએ મીલીયન્સ લોકો ડો ગ્રેહામના વચનોનો લ્હાવો વાંચન

અનુ પાન નં. ૩ ઉપર


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૭૯૨૩૩૩૨૩૯૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.